વાયરલ વીડિયોથી દર્દીઓ અને પરિવારજનોમાં ભયનો માહોલ

# સ્ટર્લિંગ હોસ્પિ.માં કેન્ટીન-કેફે પાસે ઉંદરના આટાફેરા

સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા પર ઉઠ્યા ગંભીર સવાલો, પાલિકાની કાર્યવાહીની માંગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરા શહેરની જાણીતી સ્ટર્લિંગ હોસ્પિટલમાંથી સામે આવેલો એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં હોસ્પિટલના કેન્ટીન અને કેફે નજીકના વિસ્તારમાં ઉંદરડાઓ આટાફેરા મારતા જોવા મળી રહ્યા છે. આ ઘટનાએ દર્દીઓ, તેમના સગાઓ અને તબીબી જગતમાં ચિંતાની લહેર દોડાવી દીધી છે. પ્રાથમિક માહિતી અનુસાર આ વીડિયો હોસ્પિટલના રેવા વિભાગમાં આવેલા સ્થળનો હોવાનું કહેવાઈ રહ્યું છે. જ્યાં દર્દીઓ અને મુલાકાતીઓ માટે ખાણી-પીણીની સુવિધા ઉપલબ્ધ છે. વીડિયોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે કે ખાદ્ય પદાર્થોના વેચાણ સ્થળની નજીક જ ઉંદરડા ફરી રહ્યા છે. સ્ટર્લિંગ હોસ્પિટલ જેવી મોટી ખાનગી હોસ્પિટલમાં આ પ્રકારની બેદરકારી સામે આવતા અનેક સવાલો ઉભા થયા છે. હોસ્પિટલ જેવી જગ્યાએ જ્યાં ચેપ અને સ્વચ્છતાનું સૌથી વધુ ધ્યાન રાખવું જરૂરી છે, ત્યાં ખાદ્ય વિસ્તારમાં ઉંદરડા જોવા મળતા દર્દીઓના સ્વાસ્થ્યને ગંભીર જોખમ ઉભું થયું છે. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થતાં જ લોકોએ તંત્ર અને હોસ્પિટલ વહીવટી તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. લોકોની માંગ છે કે આવા સ્થળોની નિયમિત તપાસ થવી જોઈએ અને દંડનીય કાર્યવાહી થવી જોઈએ. સ્થાનિકો અને સોશિયલ મીડિયા યુઝર્સે વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગને પણ આ મામલે ટેગ કર્યા છે. લોકોનો સવાલ છે કે ખાદ્ય પદાર્થોના વિક્રેતાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરતી પાલિકાના જાંબાજ અધિકારીઓ આવા સંવેદનશીલ સ્થળે ક્યારે પહોંચશે. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ પહેલેથી જ બીમાર હોય છે. આવી સ્થિતિમાં જો તેમને અસ્વચ્છ અને અસુરક્ષિત ખોરાક પીરસવામાં આવે તો તે ગંભીર બની શકે છે. આથી તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરીને જરૂરી પગલાં લેવાની માંગ ઉઠી છે. હાલ આ વીડિયો વાયરલ થયા બાદ હોસ્પિટલ તંત્ર તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. જોકે આ મામલે પાલિકા દ્વારા તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા છે.



**પેસ્ટ કંટ્રોલ કરાવ્યાના ડોક્યુમેન્ટ રેડી જ છે : હોસ્પિટલ એડમિન**

સ્ટર્લીંગ હોસ્પિટલના એડમીન હેડ મયુર ડોડીયા એ જણાવ્યું હતું કે ઉંદર સ્ટર્લીંગ હોસ્પિટલના કેન્ટીંગમાં ન હતો પરંતુ બારીની બહારથી અંદર આવવા માટેનો પ્રયાસ કરી રહ્યો હતો. જે અંદરનો આ વિડીયો વાયરલ થયો છે તે ચારથી પાંચ મહિના જૂનો છે અને રહી વાત સ્વાસ્થ્ય બાબતેની તો અમે પેસ્ટ કંટ્રોલની કામગીરી તો કરાવતા જ હોઈએ છીએ જેના ડોક્યુમેન્ટેશન પણ અમારી પાસે રેડી છે.

વિવાદો વચ્ચે સયાજી હોસ્પિટલનો સરાહનીય નિર્ણય

# મૃતદેહની હેરફેર માટે આધુનિક 'ઈ-વ્હીકલ' કાર્યરત, હાલાકી ઘટશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧ વિવિધ વિવાદોને કારણે અવારનવાર ચર્ચામાં રહેતી વડોદરાની સયાજી હોસ્પિટલ દ્વારા એક અત્યંત સંવેદનશીલ અને સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા મૃતદેહને કોલ્ડ રૂમ સુધી લઈ જવા માટે એક અલાયદી અને આધુનિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. હવેથી મૃતદેહોની હેરફેર માટે એક ખાસ ઈ-વ્હીકલને મોડિફાઈ કરીને ઉપયોગમાં લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

અગાઉ અનેકવાર એવું બનતું હતું કે મૃતદેહોને સ્ટ્રેચર પર લઈ જતી વખતે ઘણી મુશ્કેલીઓ પડતી હતી અથવા તો સાર્વજનિક સ્થળોએથી પસાર થતી વખતે સંવેદનશીલ દ્રશ્યો સર્જાતા હતા. આ સમસ્યાના નિવારણ રૂપે સયાજી હોસ્પિટલના વહીવટી તંત્રએ ઈ-વ્હીકલ પસંદ કર્યું છે. આ વાહનને હોસ્પિટલના



જરૂરિયાત મુજબ ખાસ મોડિફાઈ કરવામાં આવ્યું છે, જેમાં મૃતદેહને સુરક્ષિત અને ગરિમાપૂર્ણ રીતે રાખી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઈ-વ્હીકલની મદદથી મૃતદેહને વોર્ડ, પોસ્ટમોર્ટમ રૂમ કે કોલ્ડરૂમ સુધી ખૂબ જ ટૂંકા સમયમાં અને સરળતાથી પહોંચાડી શકાશે. મૃતદેહને વધુ સારી રીતે ઢાંકીને લઈ જઈ શકાય તેવી વ્યવસ્થા હોવાથી, હોસ્પિટલના અન્ય દર્દીઓ કે મુલાકાતીઓને અગવડતા ન પડે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઈલેક્ટ્રિક વાહન હોવાથી તે પ્રદૂષણ મુક્ત છે અને હોસ્પિટલ કેમ્પસમાં શાંતિ જાળવવામાં પણ મદદરૂપ સાબિત થશે. સયાજી હોસ્પિટલના વહીવટી અધિકારીઓના જણાવ્યા મુજબ, હોસ્પિટલના આંગણે આવતા દરેક દર્દી અને મૃતકના સગાઓ પ્રત્યે સંવેદનશીલ રહેવું તે અમારી પ્રાથમિકતા છે. મૃતદેહને યોગ્ય સન્માન સાથે અંતિમ સ્થળ સુધી પહોંચાડવા માટે આ એક નાનકડું પણ મહત્વનું પગલું છે.

આ પહેલને કારણે લાંબા સમયથી ઉઠતી ફરિયાદો અને વિવાદો પર પણ પૂર્ણવિરામ મુકાશે તેવી આશા સેવાઈ રહી છે. આધુનિકરણ તરફના આ ડગલાંથી મૃતકના સ્વજનોને પડતી હાલાકીમાં ઘટાડો થશે અને હોસ્પિટલની કામગીરીમાં વધુ પારદર્શિતા આવશે.

નિઝામપુરા વિસ્તારમાં સ્પા પર પોલીસનો દરોડો

# પરપ્રાંતીય મહિલાઓની નોંધણી ન કરાતાં સંચાલક સામે કાર્યવાહી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ આગામી રથયાત્રાને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા જાહેરનામાના પાલનની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન ફતેગંજ પોલીસે નિઝામપુરા વિસ્તારમાં આવેલા સ્પા મસાજ પાર્લરમાં દરોડો પાડી પરપ્રાંતની મહિલા કર્મચારીઓની પોલીસમાં નોંધણી કરાવ્યા વગર સ્પા ચલાવવામાં આવતું હોવાનું બહાર આવતાં સંચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

વડોદરા શહેરના પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના જાહેરનામાના અમલ માટે પોલીસ દ્વારા શહેરભરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. રથયાત્રા પૂર્વે જાહેરનામાના ભંગના કેસો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના અનુસાર ફતેગંજ પીઆઈ એ.એમ. ગઢવીના નેતૃત્વમાં અલગ-અલગ ટીમો દ્વારા પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરાયું હતું.

ચેકિંગ દરમિયાન નિઝામપુરા સ્થિત સન્માર્સ કોમ્પ્લેક્સમાં આવેલા એસ.પી. સ્પા મસાજ પાર્લરમાં તપાસ કરવામાં આવી હતી. ત્યાં ચાર મહિલાઓ અને એક પુરુષ મેનેજર કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસમાં તમામ કર્મચારીઓ બીજા રાજ્યના હોવા છતાં તેમની ફરજિયાત નોંધણી ફતેગંજ પોલીસ સ્ટેશનમાં કરાવવામાં આવી ન હોવાનું સામે આવ્યું હતું. પોલીસે જાહેરનામાના ભંગ બદલ સ્પાના સંચાલક પ્રિકલ કલ્પેશ સોની, (રહે. રામનગર, દેવનગર વુડાના મકાનની બાજુમાં, વાસણા રોડ, વડોદરા) સામે ફતેગંજ પોલીસ સ્ટેશન ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરામાં મેગા નેશનલ લોક અદાલતનો રેકોર્ડ, 1.19 લાખથી વધુ કેસોનો નિકાલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરિટીના માર્ગદર્શન હેઠળ વડોદરામાં યોજાયેલી વર્ષની બીજી મેગા નેશનલ લોક અદાલતમાં 1.19 લાખથી વધુ પેન્ડિંગ અને પ્રિ-લિટિગેશન કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. સમગ્ર લોક અદાલતમાં રૂ.78.29 કરોડના દાવાઓનું સમાધાન થયું હતું.

મોટર અકસ્માતના કેસોમાં એક કેસમાં રૂ.30 લાખ અને બીજા કેસમાં રૂ.26 લાખનું વળતર સ્થળ પર જ ચૂકવાયું. એમ.એ.સી.પી.ના 113 કેસો સહિત એન.આઈ. એક્ટ, બેન્ક લોન, ટ્રાફિક ચલણ અને અન્ય હજારો કેસો સમાધાનથી પૂર્ણ થયા. કુલ 40,719 પેન્ડિંગ અને 79,020 પ્રિ-લિટિગેશન કેસોના નિકાલથી હજારો પક્ષકારોને ઝડપી, સરળ અને ઓછા ખર્ચે ન્યાય મળ્યો હતો.

૨૭ વર્ષીય ચાલક યુવક સામે પ્રોહિબિશન અને અકસ્માતનો ગુનો નોંધાયો

# માંડવી ખાતે નશામાં ધૂત કાર ચાલકે એક્ટિવાને અડફેટે લેતા ત્રણને ઈજા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરા શહેરમાં નશામાં ડ્રાઈવિંગના કારણે અકસ્માતોનો સિલસિલો યથાવત છે. માંડવી પાસે એક ફોર વ્હીલર ચાલકે શુક્રવારે રાત્રે પૂરઝડપે આવીને એક્ટિવાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના 3 લોકો ઘાયલ થયા હતા. વડોદરાના માંડવી વિસ્તારમાંથી પસાર થઈ રહેલી કારના ચાલકે એક્ટિવા પર સવાર અબ્દુલ કાદિર બિલાલ મામદખવાલા, બિલાલ અબ્દુલ કાદર અને આરિફા બિલાલને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ત્રણેયને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકોએ તાત્કાલિક દોડી આવીને ઘાયલોને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. અકસ્માત સર્જીને ભાગવાનો પ્રયાસ કરી



રહેલા કારચાલકને સ્થાનિક લોકોએ પકડીને મેથીપાક આપ્યો હતો. ઘટનાની જાણ થતાં સિટી પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો હતો. પૂછપરછમાં આરોપીએ પોતાનું નામ અશ્વિનભાઈ પરમાર, ઉંમર 27, રહે. વૃંદાવનગર, વાસણા હોવાનું જણાવ્યું હતું. પોલીસ તપાસમાં સામે આવ્યું કે અકસ્માત સમયે તે દારૂના નશામાં હતો. તેના મોઢામાંથી દારૂની વાસ આવતી હતી, આંખો લાલ હતી અને શરીરનું સંતુલન પણ જાળવી શકતો ન હતો. પાસ-પરમિટની માંગ કરતા તેની પાસેથી કોઈ કાયદેસરના દસ્તાવેજ મળ્યા ન હતા. નશાખોર હાલતમાં વાહન ચલાવી અકસ્માત સર્જવા બદલ પોલીસે અશ્વિન પરમાર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને ટ્રાફિક નિયમોના ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હત્યાની કલમનો ઉમેરો કરાયો

# મકાન વિવાદના હુમલામાં ઘાયલ વ્યક્તિનું સારવાર દરમિયાન મોત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 સમા વિસ્તારમાં મકાનના વેચાણ મુદ્દે પરિવારજનો વચ્ચે થયેલો વિવાદ હવે હત્યાના ગુનામાં ફેરવાયો છે. ઈંટના હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા ગોવિંદભાઈ વસાવાનું દસ દિવસની સારવાર બાદ મોત થતાં સમા પોલીસે અગાઉ નોંધાયેલા ગુનામાં હત્યાની કલમનો ઉમેરો કરી આરોપીઓ સામે વધુ કડક કાર્યવાહી શરૂ કરી છે. સમા વિસ્તારમાં રહેતા ગૌરાગ ગોવિંદભાઈ વસાવા 29 જાન્યુઆરીની સાંજે પોતાના પિતરાઈ ભાઈ વિપુલ વસાવા સાથે સોસાયટી બહાર આવેલી પ્રોવિઝન સ્ટોર પાસે ઉભા હતા. તે દરમિયાન તેમના પિતા ગોવિંદભાઈ વસાવા રિક્ષા લઈને ત્યાં પહોંચ્યા હતા. મકાનના વેચાણને લઈને અગાઉથી ચાલતા વિવાદ અંગે વાતચીત દરમિયાન ગોવિંદભાઈ અને તેમના ભાઈ શંકરભાઈ વસાવા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારે શંકરભાઈ વસાવાએ નજીકમાં પડેલી ઈંટ ઉઠાવી ગોવિંદભાઈના માથામાં ફટકારી હતી. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલા ગૌરાગ વસાવાને પણ ઈંટ વાગતાં તેમના નાક અને કપાળના ભાગે ઈજાઓ પહોંચી હતી. દરમિયાન વિપુલ વસાવાએ ગોવિંદભાઈને ધક્કો મારતા તેઓ પાછળ પાર્ક કરેલી ફોર વ્હીલરના બોનેટ પર અથડાઈ જમીન પર પટકાયા હતા. આ ઘટનામાં તેમની ગરદનના ભાગે ગંભીર ઈજા થતાં તેઓ બંને હાથ અને પગ હલાવી શકતા ન હતા. બાદમાં મિત્ર હિતેશ બેલદારે 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં ગોવિંદભાઈને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સમા પોલીસે શંકરભાઈ વસાવા અને વિપુલ વસાવાની ધરપકડ કરી હતી. જોકે સારવાર દરમિયાન ગોવિંદભાઈનું મોત થતાં પોલીસે કેસમાં હત્યાની કલમનો ઉમેરો કરી આગળની તપાસ હાથ ધરી છે.

સ્થાનિકો અને કોર્પોરેટરની સતત રજૂઆત બાદ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા

# નર્મદા કેનાલમાં અકસ્માતો-પશુઓ ડૂબવાની ઘટનાથી તંત્ર દોડતું થયું

**સરદાર સરોવર** નર્મદા નિગમના અધિકારીએ સ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરા માંથી પસાર થતી નર્મદા કેનાલ વિસ્તારમાં વારંવાર બનતા અકસ્માતો અને મૂંગા પશુઓના ડૂબી જવાના બનાવોને પગલે આખરે તંત્ર એક્શનમાં આવ્યું છે. સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. છેલ્લા ઘણા સમયથી કેનાલ વિસ્તારમાં માનવ અને પશુઓના અકસ્માતની ઘટનાઓમાં વધારો થતા સ્થાનિકોમાં ભારે ચિંતા જોવા મળી રહી હતી. આ મુદ્દે સ્થાનિકો દ્વારા તેમજ કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલા દ્વારા સરદાર સરોવર નર્મદા



નિગમના સુપરિન્ટેન્ડન્ટને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. રજૂઆતોને ગંભીરતાથી લઈને આજે સરદાર સરોવર નર્મદા નિગમના આસિસ્ટન્ટ એન્જિનિયર પ્રકાશભાઈ સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે છાણી નવાયાર્ડ વિસ્તારમાંથી થતી કેનાલ વિસ્તારની હાલની સુરક્ષા વ્યવસ્થા, રેલિંગ, ચેતવણીના બોર્ડ અને અકસ્માતના સંભવિત કારણોની વિગતવાર સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન અધિકારીએ સ્થાનિકોની રજૂઆતો પણ સાંભળી હતી. સમસ્યાના કાયમી નિરાકરણ માટે જરૂરી તકનીકી અને વહીવટી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની ખાતરી પણ તેમણે આપી હતી. સ્થાનિકોમાં જાગી આશા લાંબા સમયથી રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પગલાં ન લેવાતા સ્થાનિકો નારાજ હતા. પરંતુ હવે ઉચ્ચ અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈને રસ દાખવ્યો હોવાથી લોકોમાં કાયમી ઉકેલની આશા જાગી છે.

પતિએ લાકડાનો ફટકો કરતાં આરોપી ઘાયલ

# પ્રેમ સંબંધ તૂટતા પરિણીતાનું ગળું દબાવી દેતાં ચકચાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરાના ગોત્રી વિસ્તારમાં એક વર્ષ પહેલાં પ્રેમ સંબંધ તોડી ચૂકેલી પરીણીતાનો પીછો કરી તેના પર હુમલો કરવામા આવ્યો છે. આરોપીએ પરિણીતાનું ગળું દબાવી દીવાલ સાથે ધક્કો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન યુવતીના પતિએ વચ્ચે પડી બચાવ કરતાં આરોપીને લાકડાથી માર માર્યો હતો. સમગ્ર મામલે ગોરવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતી પરિણીત મહિલાએ નોંધાવેલી ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, શંકરભાઈ મનુભાઈ માળી (રહે. કામનાથ મંદિર, બાલભવન પાસે, કારેલીબાગ) છેલ્લા એક વર્ષથી તૂટી ગયેલા પ્રેમ સંબંધને લઈને સતત હેરાનગતિ કરતો હતો.

11 જુલાઈના રોજ સવારે આશરે 10:10 વાગ્યે તેઓ એક્ટિવા પર ઘરેથી કામકાજ માટે નીકળ્યા હતા ત્યારે આરોપીએ પાછળથી આવી તેમને રોકી લીધા હતા. ત્યારબાદ તેણે ફરી પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કર્યું હતું. યુવતીએ સ્પષ્ટ ઈનકાર કરતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને "તું મારી સાથે સંબંધ નહીં રાખે તો તને જાનથી મારી નાખીશ" કહી ધમકી આપી ગંદી ગાળો બોલી હતી. આરોપીએ યુવતીનું ગળું દબાવી દીવાલ સાથે ધક્કો મારતા તેના માથાના ભાગે ઈજા પહોંચી હતી. દરમિયાન ફોન મળતા મહના પતિ હિતેશભાઈ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે આરોપીને પત્નીનું ગળું છોડવા જણાવ્યું હતું, પરંતુ આરોપી ન માનતાં બચાવ માટે નજીકમાં પડેલા લાકડાથી તેના માથા પર પ્રહાર કર્યો હતો. જેના કારણે આરોપીના માથામાંથી લોહી નીકળ્યું હતું.


કોન્ટ્રાક્ટરો માત્ર મલાઈ તારવવા માટે પુરાણ વગર જ પેવરબ્લોક નાંખી દે છે

# કમિશન પ્રથાનું પાપ! : મેયરના વોર્ડમાં જ વિકાસના દાવા પોકળ સાબિત થયા

**રાજમહેલ નવલખી** રોડ પર ફૂટપાથ બેસી જતાં ભુવો પડ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત કરોડો રૂપિયાના ખર્ચે ફૂટપાથ અને પેવર બ્લોકની કામગીરી કરવામાં આવી રહી છે, પરંતુ સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તેમજ નબળી ગુણવત્તાના કારણે આ કામો સામાન્ય દિવસોમાં જ ધસી પડતા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. વડોદરાના પ્રથમ નાગરિક એટલે કે મેયરના પોતાના જ વોર્ડ નંબર ૧૩માં આવેલા વીવીઆઈપી માર્ગ પર જ સ્માર્ટ ફૂટપાથ ધસી પડતાં પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને ભ્રષ્ટાચારના દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે.

મળતી માહિતી મુજબ, શહેરના



અત્યંત મહત્વના ગણાતા રાજમહેલ નવલખી રોડ પર તાજેતરમાં જ લાખો રૂપિયાના ખર્ચે નવા પેવર બ્લોક નાખીને આકર્ષક ફૂટપાથ બનાવવામાં આવ્યો હતો. જો કે, આ ફૂટપાથ માત્ર ગણતરીના દિવસોમાં જ વચ્ચેથી આખેઆખો બેસી ગયો છે અને ત્યાં એક મોટો ભુવો પડી ગયો છે. આ માર્ગ પરથી રોજબરોજ હજારો વાહનો અને રાહદારીઓ પસાર થાય છે, ઉપરાંત અનેક સરકારી કાર્યક્રમો અને રાષ્ટ્રીય મહોત્સવો દરમિયાન વીવીઆઈપી મૂવમેન્ટ પણ સતત આ જ રોડ પર રહે છે. તેમ છતાં મુખ્ય માર્ગ પર જ સર્જાયેલી આવી દુર્દશા પાલિકાના તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે. રાત્રિના સમયે ચાલતા જતા કોઈ પણ વયસ્ક કે બાળક આ ખાડામાં ખાબકે તો ગંભીર ઈજાઓ કે જાનહાનિ થવાની પૂરેપૂરી સંભાવના સેવાઈ રહી છે. સામાજિક કાર્યકરો અને સ્થાનીય રહીશોના આક્ષેપ મુજબ, પાલિકાના પાણી, ડ્રેનેજ અને રોડ-ફૂટપાથ વિભાગ વચ્ચે કોઈ સંકલન જ નથી. કોન્ટ્રાક્ટરો માત્ર મલાઈ તારવવા માટે માટી કે રેતીનું યોગ્ય પુરાણ કર્યા વિના જ પેવર બ્લોક ધાબી દે છે. રાજકીય ઓથ અને ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ચાલતી ટકાવારી પ્રણાલીના કારણે આવા નબળા કામોને લીલી ઝંડી મળી જાય છે. તાજેતરમાં જ સાયકલ ટ્રેકના પેવર બ્લોક બેસી જવાની ઘટના બાદ હવે આ મુખ્ય ફૂટપાથ ધસી પડ્યો છે.

પ્રતાપનગર મંડળ રેલવે હોસ્પિટલમાં કેમ્પ યોજાયો

# લિવર સ્ક્રીનિંગ ફાઈબ્રોસ્કેન કેમ્પમાં ૬૭ લોકોની તપાસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરા પશ્ચિમ રેલવેના પ્રતાપનગર સ્થિત મંડળ રેલવે હોસ્પિટલના ઓપીડી વિભાગમાં ચિકિત્સા વિભાગ દ્વારા મુખ્ય ચિકિત્સા અધીક્ષક ડો. દીપાલી તિવારીના માર્ગદર્શન હેઠળ લિવર સ્ક્રીનિંગ ફાઈબ્રોસ્કેન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા મુજબ આ કેમ્પમાં કુલ 67 રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના આશ્રિતોની ફાઈબ્રોસ્કેન તપાસ કરવામાં આવી. આ તપાસ ઝાયડસ હેલ્થકેર લિમિટેડ, ડિસ્કવરી ડિવિઝન, વડોદરાના અવિનાશ જગતાપ અને સુનીલ પરમાર તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. મુખ્ય ચિકિત્સા અધીક્ષક ડો. દીપાલી તિવારીએ જણાવ્યું કે ફાઈબ્રોસ્કેન એક આધુનિક, સુરક્ષિત, દુખાવા વિનાની અને



બિન-આક્રમક તપાસ પદ્ધતિ છે. જેના દ્વારા લિવરમાં ચરબી ફેટી લિવર અને ફાઈબ્રોસિસ એટલે કે લિવરમાં કઠોરતા કે નુકસાનનું ઝડપથી મૂલ્યાંકન કરી શકાય છે. આ તપાસ ખાસ કરીને ડાયાબિટીસ, સ્થૂળતા, ફેટી લિવર, લાંબા સમયથી દારૂનું સેવન, હેપેટાઈટિસ-બી/સી, વધેલા લિવર એન્ઝાઈમ અને મેટાબોલિક સિન્ડ્રોમથી પીડિત લોકો માટે ખૂબ જ ઉપયોગી છે. ડો. દીપાલીના જણાવ્યા મુજબ, સમયસર લિવરના રોગોનું નિદાન થાય તો જીવનશૈલીમાં ફેરફાર, નિયમિત તબીબી સલાહ અને સારવાર દ્વારા સિરોસિસ અને અન્ય ગંભીર જટિલતાઓથી બચી શકાય છે.

દિવ્યાંગો અને સિનિયર સિટિઝન્સ માટે આફત સમાન બન્યા દબાણો

# શહેરના રાજમાર્ગો પર રાહદારીઓ બેસહારા ફૂટપાથો પર સામાન અને વાહનોનો અડિંગો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 વડોદરા સંસ્કારી નગરી વડોદરામાં રાહદારીઓની સુરક્ષા અને સુવિધા માટે બનાવવામાં આવેલા ફૂટપાથ હવે માત્ર નામના જ રહી ગયા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ આદેશો હોવા છતાં, વડોદરા શહેરના મોટાભાગના મુખ્ય માર્ગો પર આવેલા ફૂટપાથ ચાલવા માટે નહીં પરંતુ ગેરકાયદે પાર્કિંગ, ખાનગી અને સરકારી સામાનના દબાણો તેમજ પથારાવાળાઓ માટે સીધી કમાણી કરવાનું સાધન બની ગયા છે. જેના કારણે વયસ્ક નાગરિકો, બાળકો અને શારીરિક રીતે અક્ષમ લોકો ફૂટપાથનો ઉપયોગ કરી શકતા નથી અને પોતાના જીવના જોખમે મુખ્ય રોડ-રસ્તા પર ચાલવા માટે મજબૂર બન્યા છે. ભુતકાળમાં પણ સ્થાનિક ધારાસભ્ય દ્વારા ફૂટપાથની આ ગંભીર સમસ્યા અંગે રજૂઆત કરવામાં આવી હતી, જે ભારે વિવાદનો વિષય બની હતી. શહેરમાં વધી રહેલી આ સમસ્યા વચ્ચે IRC ના નિયમો અને ધોરણોને બાજુ પર મૂકીને મહાનગરપાલિકા દ્વારા માત્ર ૧.૨ મીટર પહોળાઈના ફૂટપાથ બનાવવાના નિર્ણય સામે પણ હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. આ



મામલે કોર્પોરેશનના વિપક્ષે શાસક પક્ષ અને વહીવટી તંત્રની નબળી કામગીરીને આકરા શબ્દોમાં વખોડી કાઢી છે. વિપક્ષના નેતાઓના જણાવ્યા અનુસાર, વર્તમાન સરકાર લોકોને રોજગારી આપવામાં નિષ્ફળ રહી છે અને કોન્ટ્રાક્ટ પદ્ધતિના કારણે લોકોને પૂરતું વેતન મળતું નથી. પરિણામે મધ્યમ અને ગરીબ વર્ગના લોકો પથારા લગાવવા કે ફૂટપાથ પર નાનો-મોટો ધંધો કરવા મજબૂર બન્યા છે. તંત્રએ પહેલા આ ગરીબ વર્ગ માટે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ અને ત્યારબાદ ફૂટપાથ ખુલ્લી કરાવવાની વાતો કરવી જોઈએ. જો કે, વિપક્ષે એ વાતનો પણ સ્વીકાર કર્યો છે કે શહેરને સુંદર અને વ્યવસ્થિત બનાવવું હોય તેમજ દિવ્યાંગોની સુરક્ષા સુનિશ્ચિત કરવી હોય તો ફૂટપાથ દબાણમુક્ત હોવી અત્યંત જરૂરી છે. બીજી તરફ, વિપક્ષના આક્ષેપો અને જનતાની વધતી નારાજગી વચ્ચે વડોદરા મહાનગરપાલિકાના કમિશનરે આ મામલે સત્તાવાર પ્રતિક્રિયા આપી છે. કમિશનરે જણાવ્યું છે કે ફૂટપાથ પરથી ગેરકાયદે દબાણો હટાવવા અને વાહનોના વ્યવસ્થિત પાર્કિંગ માટે વહીવટી તંત્ર દ્વારા એક નવી નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. આ નવી નીતિ અંતર્ગત પાલિકાની દબાણ શાખા, ટાઉન પ્લાનિંગ ટીમ, કોર્પોરેશનની એન્જિનિયરિંગ વિંગ અને સિટી ટ્રાફિક પોલીસ સાથે બેઠકો યોજીને સંયુક્ત એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં ટ્રાફિક પોલીસના સહયોગથી ફૂટપાથ પર પાર્ક કરેલા વાહનોને ટોઈંગ કરવા સહિતની કડક કાનૂની કામગીરી કરવામાં આવશે અને સુપ્રીમ કોર્ટના આદેશોનું ચુસ્તપણે પાલન કરીને શહેરના તમામ ફૂટપાથોને રાહદારીઓ માટે ફરી ખુલ્લા કરવામાં આવશે.

સુરક્ષા ગાર્ડસને ફૂડ પેકેટ વિતરણ કરાયું

# ASU સ્થાપનાના ૭ વર્ષ પૂર્ણ થતાં ધામધૂમથી ઉજવણી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટી ખાતે વિદ્યાર્થી સંગઠન એએસયુએ તેની સ્થાપનાના 7 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ અવસરે ફેકલ્ટી પરિસરમાં વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સ્થાપના દિવસે એએસયુના આગેવાનો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. ફેકલ્ટી પરિસર ઢોલ-નગારાના નાદ, વિજયના નારા અને ધજા-પતાકાઓથી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કેક કટીંગ સાથે કરવામાં આવી હતી. એસયુએ આ દિવસને માત્ર ઉત્સવ પૂરતો સીમિત ન રાખતા સામાજિક જવાબદારી પણ દર્શાવી હતી. સંગઠન દ્વારા યુનિવર્સિટીના તમામ સુરક્ષા ગાર્ડસનું સન્માન કરી તેમને ઉષ્માભર્યા ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા સાત વર્ષથી એએસયુ સંગઠન



આર્ટ્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓના હિત, સુવિધાઓ અને તેમના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે સતત સક્રિય રહ્યું છે. વિદ્યાર્થી પ્રશ્નોને વાચા આપી યુનિવર્સિટી તંત્ર સમક્ષ રજૂ કરવાની બાબતમાં સંગઠનની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. સ્થાપના દિવસની ઉજવણીમાં સંગઠનના વરિષ્ઠ આગેવાનોએ વિદ્યાર્થીઓને એકતા અને સેવાના માર્ગે આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ફેકલ્ટીમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.